# G20 Culture Ministers Meeting hosted by Italy

July 30, 2021

---

# ઈટાલીના યજમાનપદે G20 સાંસ્કૃતિક બાબતોના મંત્રીઓની બેઠકનું આયોજન

જુલાઈ 30, 2021

રાજ્યકક્ષાના વિદેશ બાબતો અને સાંસ્કૃતિક બાબતોના મંત્રી શ્રીમતી મીનાક્ષી લેખીએ 30 જુલાઈ 2021ના રોજ જી20 સાંસ્કૃતિક બાબતોના મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો જેનું આયોજન ઈટાલી દ્વારા 2021માં પોતાના જી20ના વર્તમાન અધ્યક્ષપદ દરમિયાન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં સાંસ્કૃતિક વારસાની જાળવણી, સંસ્કૃતિ દ્વારા ક્લાઈમેટની કટોકટીનો ઉકેલ, તાલીમ અને શિક્ષણ દ્વારા ક્ષમતા ગઠન, ડિજિટલ ટ્રાન્ઝિશન અને સંસ્કૃતિ માટે નવી ટેક્નોલોજીઓ, વૃદ્ધિના પ્રેરકબળ તરીકે સંસ્કૃતિ તથા સર્જનાત્મક ક્ષેત્રોના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

રાજ્યકક્ષાના વિદેશ અને સાંસ્કૃતિક બાબતોના મંત્રીએ બેઠકના સહભાગીઓને સંબોધ્યા હતા અને 'વૃદ્ધિના પ્રેરકબળ તરીકે સંસ્કૃતિ અને સર્જનાત્મક ક્ષેત્રો'ના વિષય પર ભારતનો દૃષ્ટિકોણ રજુ કર્યો હતો. તેમણે આર્થિક વૃદ્ધિ અને રોજગારી પૂરી પાડવા માટે સંસ્કૃતિ અને સર્જનાત્મક ક્ષેત્રોના મહત્ત્વ પર ભાર મુક્યો હતો તથા મહિલાઓ, યુવાનો અને સ્થાનિક સમુદાયોને વધારે તક આપવા માટે તેની ક્ષમતા સમજાવી હતી જે બહુ સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક પરંપરાઓ અને પદ્ધતિઓ ધરાવે છે, જેથી ઉત્પાદન અને વપરાશને ઉત્તેજન આપી શકાય, જે પર્યાવરણ માટે વધારે અનુકુળ હોય, જેમ કે હેન્ડલૂમ, હેન્ડીક્રાફ્ટ અને ખાદી, વગેરેના ઉત્પાદનમાં. તેમણે ભારત માટે તેનું મહત્ત્વ અને સંદર્ભ પણ પ્રસ્તુત કર્યો હતો.

તેમણે એ બાબત પર ભાર મુક્યો હતો કે સાંસ્કૃતિક અને સર્જનાત્મક ક્ષેત્રો રોજગારી પેદા કરીને, અસમાનતા ઘટાડીને ટકાઉ રીતે વિકાસને પ્રોત્સાહિત કરીને અને લોકોને એક વિશિષ્ટ ઓળખ પૂરી પાડીને વૃદ્ધિને પ્રેરિત કરી શકે છે.

તેમણે ભારત દ્વારા સાંસ્કૃતિક અને સર્જનાત્મક ક્ષેત્રોને વિકસાવવા માટે લેવાયેલા પગલાં પર ભાર મૂક્યો હતો, જેમ કે ઉત્તર પ્રદેશ સરકારની એક જિલ્લો, એક ઉત્પાદન યોજના, ટુરિઝમ સર્કિટ, યોગ અને આયુર્વેદના પ્રોત્સાહન માટેની યોજના, વગેરે.

તેમણે સાંસ્કૃતિક અને સર્જનાત્મક સેક્ટરને લગતા સામાન્ય પ્રશ્નોના હલ માટે તથા જાહેર નીતિઓને યોગ્ય રીતે અપનાવવા આંતરરાષ્ટ્રીય સંવાદ અને સહયોગની જરૂરિયાતને ટેકો આપ્યો હતો તથા તેના પર ભાર મૂક્યો હતો.

તેમણે સમાજના સાંસ્કૃતિક અને સર્જનાત્મક ક્ષેત્રોને ટેકો આપવા તથા સુવિધા પૂરી પાડવાના પ્રયાસોમાં આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સહકાર અને સહયોગમાં ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

ચર્ચાઓના અંતે જી20 સંસ્કૃતિ બાબતોના મંત્રીઓએ જી20 કલ્ચર વર્કિંગ ગ્રૂપ ટર્મ્સ ઓફ્ રેફ્રન્સને અપનાવ્યા હતા.

જી20ના સાંસ્કૃતિક બાબતોના મંત્રીઓએ જી20 લીડર્સ 2021 સમિટ માટે સોંપવાના મિનિસ્ટરિયલ ડેકલેરેશનને અપનાવ્યું હતું જેથી જી20 વર્ક સ્ટ્રીમમાં સંસ્કૃતિના પરિચયની હિમાયત કરી શકાય, કારણ કે તે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે મજબૂત આર્થિક અને સામાજિક અસર ધરાવે છે.

**નવી દિલ્હી**
**જુલાઈ 30, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.